ચોર લૂંટારા કરતા ખતરનાક હોય છે લૂંટેરી દુલ્હન અને ટોળકી

# મોડાસાના પ્રજાપતિ યુવક સાથે લગ્ન કરનાર દુલ્હન ત્રીજા દિવસે લૂંટ કરી ફરાર

**લગ્ન વાંછુક યુવક પાસેથી બે લાખ રૂપિયા અને લગ્ન કરી ત્રીજા દિવસે સોના-ચાંદીના દાગીના, મોબાઇલ અને ૨૫ હજાર રોકડા લઇ છું મંતરઃગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી લૂંટેરી દુલ્હનના કિસ્સાઓ સતત વધી રહ્યા છે તેમ છતાંય લોકો આવી છેતરપિંડીનો શિકાર બની રહ્યા છે**

મોડાસા, તા. ૧૨

ગુજરાતમાં લૂંટનો એક નવો ચીલો જોવા મળી રહ્યો છે. લૂંટ માટે હવે મહિલાઓનો સહારો લેવામાં આવી રહ્યો છે. લગ્નવાંછુક યુવકોને લગ્નની માયાજાળમાં ફસાવીને ફરાર થઈ જતી લૂંટેરી દુલ્હનોનો કહેર વધી રહ્યો છે.મોડાસા શહેરના સગરવાડા વિસ્તારમાં રહેતા અને અમદાવાદ ખાનગી કંપનીમાં રહેતા સુમન ભીખાભાઈ પ્રજાપતિ નામના યુવક અને તેના બહેન જીજાજીને દહેગામ અને અમદાવાદની લૂંટેરી દુલ્હન ગેંગે વિશ્વાસમાં લઈ સુમન ભાઈ સાથે ખેતરમાં કામ કરતી યુવતી હોવાનું જણાવી લગ્ન કરાવી બે લાખ રૂપિયા દાપા તરીકે લીધા પછી લગ્નવાંચ્છુક યુવક સાથે યુવતી સાથે ટ્રસ્ટમાં લગ્ન કરાવી લગ્ન ખર્ચ પેટે વધુ ૩૫ હજાર ખંખેરી મોડાસા પતિ સાથે રહેવા આવેલી લૂંટેરી દુલ્હન દાગીના રોકડ રકમ અને મોબાઈલ લઈ અમદાવાદ જતી રહેતા ભોગ બનેલ યુવકે ટાઉન પોલીસ સ્ટેશનમાં અરજી આપી છે.મોડાસા શહેરના સગરવાડા વિસ્તારમાં રહેતા અને દંતોલી ખાનગી કંપનીમાં નોકરી કરતા સુમન ભીખાભાઈ પ્રજાપતિ નામના યુવકને સમાજમાં લગ્ન નહીં થતા પરિવારજનો ચિંતિત હતા કઠલાલ ખાતે રહેતા તેમના જીજાજી ઈંટોના વેપાર દરમિયાન દહેગામ તાલુકાના લવાર ગામના ઠગ નાથુ ઠાકોરના સંપર્કમાં આવતા તેને લગ્ન ઈચ્છુક યુવકોના લગ્ન કરાવી આપતા હોવાનું જણાવતા તેમના જીજાજી બહેન અને સુમન ભાઈને વિશ્વાસ આવતા નાથુ ઠાકોરના ઘરે જતા લૂંટેરી દુલ્હન ખેતરમાં શ્રમિક બની મજૂરી કરતી હોવાથી તેના લગ્ન કરવાનું જણાવી તેની માસી સાથે વાત કરાવી લગ્ન નક્કી થતા યુવક અને તેના પરિવારજનો ખુશી થી ઝૂમી ઉઠ્યા હતા અને ગેંગે માંગેલ બે લાખ દાપું પણ આપી દઈ લગ્નનો ખર્ચ પણ આપવા તૈયાર થતા અમદાવાદ અસારવા વિસ્તારમાં આવેલ શ્રી મારુતિ નંદન ચેરીટેબલ ટ્રસ્ટમાં શિલ્પા ઉર્ફે રિંકલ નટવરલાલ ઠાકુર સાથે લગ્ન કરાવવા વકીલે ૨૫ હજાર અને મહારાજે ૧૦ હજાર લઈ લગ્ન કરાવ્યા હતા લગ્નવિધિ પૂર્ણ થતા યુવક સુખી લગ્ન સંસારના સ્વપ્ર સાથે દુલહન સાથે મોડાસા આવ્યો હતો અને ત્રીજા દિવસે સવારે દુલહન દાગીના રોકડ રકમ અને મોબાઈલ લઈ ફરાર થઈ જતા યુવક ભાંગી પડ્યો હતો. સુમન પ્રજાપતિએ લૂંટેરી દુલ્હનની શોધખોળ હાથધરી અમદાવાદ તેની માસીને ફોન કરતા યુવતી તેની પાસે આવી હોવાનું અને હોળી પછી લઈ જવા જણાવતા યુવક હોળી સુધી વિરહ સહન કરી હોળી પછી ફોન કરતા લૂંટેરી દુલ્હનની માસી ભગીબેન ઉર્ફે ગંગા રમણલાલ ઠાકુરે પત્નીને ભૂલી જા નહીં તો માર મારવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપતા યુવક આબાદ લૂંટેરી ગેંગનો ભોગ બનતા દુલ્હન પણ ગઈ અને લાખ્ખો રૂપિયાનો ચૂનો પણ લાગતા આખરે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ૧)રિંકલ ઉર્ફે શિલ્પા નટવરલાલ ઠાકુર (લૂંટેરી દુલ્હન),૨) તેની રાણીપ રહેતી માસી ભગીબેન ઉર્ફે ગંગાબેન રમણલાલ ઠાકુર,૩) નાથુ ઠાકોર (રહે,લવાર-દહેગામ),૪)વિશાલસિંહ ચૌહાણ (વકીલ) અને મહારાજ સામે ગુન્હો નોંધવા અરજી આપી ન્યાયની માંગ કરી હતી.



## જન્મદિને વધામણી



ધારવી શૈલેષભાઈ ભાટિયા
બાયડ

## ડીસાના દસાનાવાસ ગામે ખેતરમાંથી ગાંજાના છોડ ઝડપાયા

ડીસા, તા. ૧૨

ડીસામાં વધુ એક વાર ગાંજાની ગેરકાયદે ખેતી ઝડપાઈ છે. જેમાં દસાનાવાસ ગામે ખેતરમાંથી ૨૫.૨૫૦ કિલો જેટલા ગાંજાના છોડ સાથે એક ખેડૂતની અટકાયત કરી છે. તેમજ ૨.૫૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે. એસઓજી પોલીસની ટીમ રાત્રિના સમયે ઝેરડા ગામે થયેલી હત્યાના આરોપીઓની શોધખોળમાં હતી. તે સમયે દસાનાવાસ ગામ પાસે એક ખેતરમાં ગાંજાના છોડનું વાવેતર કર્યું હોવાની માહિતી મળી હતી. જેથી ટીમે તપાસ કરતા દેવાજી ઉર્ફે દેવુસિંહ ચતુરજી ઠાકોરના ખેતરમાં ગાંજાના છોડનું વાવેતર થયું હોવાનું માલુમ પડ્યું હતું. જ્યાં જઈ તપાસ કરતા ખેતરમાંથી ૧૪૧૦ જેટલા ગાંજાના છોડ મળી આવ્યા હતા. જેથી પોલીસે ખેતર માલિક દેવાજી ઠાકોરની અટકાયત કરી હતી. ટીમે ખેતરમાં વાવેલા ૨૫.૨૫૦ કિલો ગ્રામ ગાંજાના છોડના જથ્થા સાથે કુલ ૨.૫૧ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ આરોપીની અટકાયત કરી ડીસા તાલુકા પોલીસને સોંપી વધુ તપાસ હાથ ધરી છે.

કાળા માથાનો માનવીના પાણીના પોકારો, મૂંગા વન્ય પ્રાણીઓના પોકાર સંભળાતા નથી

# જિલ્લાના ૮૦ હજાર હેક્ટર જંગલમાં વન્ય પ્રાણીઓ માટે પીવાના પાણીના માત્ર ૩ હોંજ

**કરોડો રુપિયાની ગ્રાન્ટોનો યોગ્ય ઉપયોગ થતો કેમ નથી ?? : વન્ય પ્રાણીઓની વસતી વધી પરંતુ પાણી માટેનો સ્ત્રોત વધતો નથી**

બાયડ, તા.૧૨
સાબરકાંઠા, અરવલ્લી

જિલ્લાના ૮૦ હજારથી વધુ હેક્ટર જંગલમાં વન્ય પ્રાણીઓને પીવા માટે આઝાદીના અમૃતકાળ પછી પણ પૂરતા પ્રમાણમાં વ્યવસ્થા ન હોવાની વિગત સામે આવી છે. માત્ર પાણી માટે ૩ હોંજ છે અને તેમાં ૬૫૮ વન્ય પ્રાણીઓની તરસ છીપાવવી શક્ય છે ખરી ?? સરકાર જંગલોના વિકાસ માટે કરોડો રુપિયાની ગ્રાન્ટ ફાળવે છે તો પછી વન્ય પ્રાણીઓને ઉનાળા દરમ્યાન આસાનીથી પીવાનું પાણી મળી રહે તે માટે કેમ કોઈ સુચારુ આયોજન થયું નથી ?? માત્ર ને માત્ર સાસણ ગીરના જંગલના વિકાસ પાછળ આંધળી દોટમાં સાબરકાંઠા સહિત અન્ય જિલ્લાના જંગલોના વન્ય પ્રાણીઓ સાથે અન્યાય તો નથી થઈ રહ્યો ને ?? તેવી લાગણી પ્રવર્તિ રહી છે.

ધરતી પરનું અમૃત એટલે પાણી. મનુષ્ય હોય કે પ્રાણીઓ દરેકને પાણીની સરખી જરુરીયાત પડતી હોય છે. સાબરકાંઠા જિલ્લો જંગલ વિસ્તારથી ઘેરાયેલો છે અને જંગલમાં દિપડા, રીંછ, જંગલી ભૂંડ સહિત ૫૮ થી વધુ જંગલી પ્રાણીઓ તેમાં વસવાટ કરે છે પરંતુ પાછલા ૫ વર્ષમાં ખાસ કરીને ઉનાળામાં દિપડા સહિત જંગલી પ્રાણીઓ માનવ વસતીમાં ઘૂસીને મારણ કરતા જોવા મળ્યા છે. જેનો મતલબ એ થયો કે જિલ્લાના જંગલ વિસ્તારમાં વન્ય પ્રાણીઓ માટે ખોરાક અને પાણીની સવલત છે જ નહીં અને જો બતાવી હોય તો તે માત્ર કાગળ ઉપર જ હશે. કારણ કે ભૂતકાળમાં વિજયનગર રેન્જમાં બારોબાર ૨૯ લાખ રુપિયાની ગ્રાન્ટ ઓહીયા કરનાર વન અધિકારી સામે વિજયનગર પોલીસ સ્ટેશનની હદમાં ફરિયાદ પણ દાખલ થઈ હતી અને સાબરકાંઠામાં વન વિભાગમાં ચાલતો ભ્રષ્ટાચાર વર્ષોથી જાણીતો છે. અત્યારે જંગલ વિસ્તારોમાં પાણીના સ્ત્રોત અદ્રશ્ય થયા જેવી સ્થિતિ છે જેથી સ્વાભાવિક છે કે વન્ય પ્રાણીઓ પોતાની તરસ છીપાવવી જીવનના અસ્તિત્વ માટે જંગ લડતા હોય ત્યારે જિલ્લાની ૭ રેન્જમાં માત્ર ૩ જેટલા જ પીવાના પાણી માટેના હોંજ હોવાનું જાણવા મળ્યું છે અને આ હોંજમાં પાણી પણ એટલી હદે ગંદુ અને દુર્ગંધ મારતું હોય છે કે વન્ય પ્રાણી પાણી પીવાનું તો દૂર પરંતુ દુરથી જ પાછું વળી જાય. જિલ્લાના વર્તમાન વન અધિકારીઓની કામગીરી બિરદાવવા લાયક છે પરંતુ વર્ષોથી ધોલવાણી, પોશીના, ખેડબ્રહ્મા, રાયગઢ, પોશીના આર.ડી.એફ., વડાલી, વિજયનગર સહિતની કુલ-૭ રેન્જમાં અગાઉ જે લાલીયાવાડી ચાલી તે ભૂતકાળ બનાવી વન્ય પ્રાણીઓ માટે પીવાના પાણીની ઉત્તમ સવલત ઉભી કરાશે તો તે જિલ્લાના વન્ય પ્રાણીઓની મોટી સેવા કહેવાશે.





**સાબરકાંઠા જિલ્લામાં વન્ય પ્રાણીઓ**

| પ્રાણી | સંખ્યા |
| --- | --- |
| દિપડા | ૨૬ |
| રીંછ | ૩૦ |
| અન્ય | ૬૫૮ |

**હવે પીવા માટેનું પાણી ઠલવાશે - વન વિભાગ**

સાબરકાંઠા વન વિભાગના એ.સી.એફ., વી.આર.ચૌહાણને પૂંછતાં જણાવ્યું કે હવે ઉનાળો જામ્યો છે એટલે પીવાના પાણી માટેની વ્યવસ્થા કરાશે. જંગલ વિસ્તારમાં ગઝલર (હોંજ)ની વ્યવસ્થા છે અને ત્યાં નજીકના ચેકડેમ, નર્સરીમાંથી પાણી ઠાલવવામાં આવે છે જેથી જંગલમાં રહેતા વન્ય પ્રાણીઓ તેમની તરસ દૂર કરી શકે.

# બનાસકાંઠા જિલ્લાની તમામ તાલુકા પંચાયતો વહીવટદારને હવાલે...

**૧૪ તાલુકા પંચાયતની મુદત પૂરી થતાં વહીવટદાર**

પાલનપુર તા.૧૨

સરહદી બનાસકાંઠા જિલ્લાની ૧૪ તાલુકા પંચાયતનો કાર્યકાળ પૂર્ણ થયો છે. જોકે, ચૂંટણી ન યોજાતા સરકારે તમામ તાલુકા પંચાયતોમાં વહીવટદાર ની નિમણુંક કરી છે. આમ, તાલુકા પંચાયતો હવે વહીવટદારોને હવાલે થશે. સરહદી બનાસકાંઠાની ૧૪ તાલુકા પંચાયતનો વહીવટી કાર્યકાળ પૂર્ણ થયો છે. જોકે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ઓમાં ઓબીસી માટે અનામત બેઠકો નક્કી કરવા માટે સરકાર દ્વારા સમર્પિત આયોગની રચના કરવામાં આવી છે. જેનો અહેવાલ આવ્યો ન હોઈ ચૂંટણી ઓ યોજવામાં વિલંબ થતા સરકાર દ્વારા જે તાલુકા પંચાયતોની મૂદત પુરી થઈ છે ત્યાં વહીવટદારની નિમણુંક કરી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,જેમાં બનાસકાંઠા જિલ્લાની ૧૪ તાલુકા પંચાયતોમાં પણ મુદત પૂર્ણ થતાં વહીવટદારોની નિમણુંક કરવામાં આવી છે. આવતીકાલથી ૧૪ તાલુકા પંચાયતમાં વહીવટદારનું શાસન આવશે.




**કોણ ક્યાંના વહીવટદાર**

જેમાં અમીરગઢ માં જિલ્લા પુરવઠા અધિકારીની વહીવટદાર તરીકે નિમણુંક કરાઈ છે. તો ભાભર માં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની, વાવ તાલુકા પંચાયત માં નાયબ જિલ્લા વિકાસ અધિકારીમહેસુલની વહીવટદાર તરીકે નિમણુંક કરાઈ છે. જ્યારે ડીસા, પાલનપુર, વડગામ, દાંતા, દાંતીવાડા, ધાનેરા, થરાદ, શિહોરી, દિયોદર,લાખણી, સુઈગામ માં જે તે પ્રાંત અધિકારીની વહીવટદાર તરીકે નિમણુંક કરાઈ છે.

# મેઘરજ પોલીસે ગાયવાછરડા ગામ નજીક કારમાંથી ૧.૫૪ લાખના વિદેશી દારૂ સાથે ઓઢાના બુટલેગરને દબોચ્યો, બે ફરાર

**મેઘરજના નવાગામના બે બુટલેગટરોએ રાજસ્થાનમાંથી કારમાં દારૂ ભરી આપતા ઓઢાનો ખેપિયો અમદાવાદ બુટલેગરને ડીલેવરી આપવા નીકળ્યા હતા**

મોડાસા, તા. ૧૨

મેઘરજના ત્રણ પોલીસકર્મીઓ દારૂની હેરાફેરીમાં સંડોવણી બહાર આવતા જીલ્લા પોલીસવડા સંજય ખરાતે ત્રણે કર્મીઓને સસ્પેન્ડ કરી દેતા મેઘરજ પોલીસતંત્રમાં હડકંપ મચ્યો છે મેઘરજ પોલીસ પ્રોહિબિશનની કામગીરી માટે સતત દોડાદોડી કરી રહી છે મેઘરજ નગરમાં મહિલા બુટલેગરના મકાનમાંથી દારૂ ઝડપી લીધાના ગણતરીના કલાકોમાં ગાયવાછરડા ગામ નજીક ૧.૫૪ લાખથી વધુનો વિદેશ દારૂ ભરેલી કાર સાથે મેઘરજ વિસ્તારના બુટલેગરને દબોચી લઈ અન્ય બે બુટલેગરોને ઝડપી પાડવા પોલીસ ચક્રો ગતિમાન કર્યા હતા

મેઘરજ પ્રો.મહિલા પીઆઈ ડી.વી.બરવાળીયા અને તેમની ટીમે અંતરિયાળ વિસ્તારમાં પેટ્રોલિંગ હાથધરતાં રાજસ્થાન માંથી ત્રણ બુટલેગરો કારમાં દારૂ ભરી અમદાવાદ તરફ જતા હોવાની બાતમી મળતા પોલીસે ગાયવાછરડા ગામ નજીક નાકાબંધી કરી બાતમી આધારિત પોલો કાર આવતા અટકાવી તલાસી લેતા કાર પાછળ ડેકીમાંથી વિદેશી દારૂ અને બિયર ટીન નંગ-૧૦૩૨ કીં.રૂ.૧૪૫૮૦૦/- ના જથ્થા સાથે ઓઢાના લાલા અમરત ખાંટને દબોચી લીધો હતો કારમાં દારૂ ભરી આપનાર નવાગામ કસાણાના સીક્કા મનાત અને શૈલેષ કાંતિ મનાત સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા મેઘરજ પોલીસે દારૂ,કાર,રોકડ,મોબાઈલ મળી રૂ.૩.૫૫ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગરોની ખેપ નિષ્ફળ બનાવી હતી

# ડીસાની અર્બુદા વિદ્યાલયના બાળકોએ પક્ષીઘર બનાવ્યા



ડીસા, તા. ૧૨

ચકલી સહિતના પક્ષીઓ ફરી મનુષ્યના મિત્ર બને અને શહેરોમાં કિલ્લોલ કરતા જોવા મળે તે માટે બનાસકાંઠા જિલ્લાના ડીસાની અર્બુદા વિદ્યાલયમાં બાળકો દ્વારા કાગળના પૂઠ્ઠા, સેલોટેપ, કલર, ઝાડના પાંદડાઓ, રંગબેરંગી પટ્ટીઓ સહિતની વેસ્ટ ચીજ વસ્તુઓનો બેસ્ટ ઉપયોગ કરી ચકલી ઘર બનાવ્યા હતા.

વહેલી સવારે ૮ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધીમાં બાળકોએ અંદાજિત ૨૦૦૦ થી પણ વધુ પક્ષીઘર બનાવી અલગ અલગ શહેરો અને ગામડાઓમાં ઝાડ પર બાંધ્યા હતા. એટલું જ નહીં, લોકોને પણ પર્યાવરણ અને પક્ષીઓને બચાવવા માટે તેમના રહેઠાણ, ખોરાક અને પાણીની વ્યવસ્થા કરવા અપીલ કરી હતી.

# મોડાસા શ્રી જે.બી.શાહ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં રંગારંગ વાર્ષિકોત્સવની ઉજવણી

**ભૂલકાંઓએ સાંસ્કૃતિક કૃતિઓથી મન મોહ્યું**

મોડાસા, તા. ૧૨

મોડાસા શહેરની અગ્રણી શૈક્ષણિક સંસ્થા ધ.મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી.શાહ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ અને શ્રી એમ.જી.શાહ પ્રાયમરી વિભાગનો વાર્ષિકોત્સ કોલેજના ભામાશા હોલમાં યોજાયો હતો જેમાં શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા વાર્ષિકોત્સવમાં શૈક્ષણિક અગ્રણીઓ મંડળના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. મોડાસા કોલેજ કેમ્પસમાં આવેલી શ્રી જે.બી.શાહ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ અને શ્રી એમ.જી. શાહ પ્રાયમરી વિભાગના રંગારંગ વાર્ષિકોત્સવની ઉજવણી ભામાશા હોલમાં કરવામાં આવી હતી જેમાં મંડળના પ્રમુખ નવીનચંદ્ર. આર.મોદી, મામલતદાર મિત્તલબેન પટેલ, સમીર ભાઈ પટેલ, જીલ્લા ડાયટ અધિકારી એન.ડી.પટેલ, પ્રભારી મંત્રી પરેશ.બી મહેતા અને ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા સ્કૂલમાં અભ્યાસ કરતા બાળકો એ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરી તેમનામાં સુસુપ્ત અવસ્થામાં રહેલી પ્રતિભાના દર્શન કરાવ્યા હતા વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી માટે પ્રિન્સિપલ દિપક.એન.મોદી અને તેમના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી વાર્ષિકોત્સવમાં હાજર રહેલા બાળકોના વાલીઓએ મંડળ અને શૈક્ષણિક સ્ટાફની સરાહના કરી હતી.



સાબરકાંઠા જિલ્લા ના તલોદ નગરપાલીકાની મુદત પૂર્ણ થતાં તલોદ નગરપાલીકાના ચીફ ઓફિસર હિરેન સોલંકી એ ઈન્ચાર્જ વહીવટદાર તરીકે ચાર્જ સંભાળ્યો હતો ત્યારબાદ શહેરી વિકાસ વિભાગ દ્વારા તલોદ મામલતદારને ચાર્જ સોંપવામાં આવતાં મામલતદાર હિમાંશુ ચૌહાણે ચાર્જ સંભાળી લીધો છે.

## ધાનેરાના સરકારી દવાખાના માં ખાંસી,તાવ, શરદીના દર્દીમાં થયો વધારો...!!!!

ધાનેરા તા.૧૨

હાલ માં ઉનાળાની સિઝન ચાલુ થઈ ગઈ છે. તેમજ શરૂઆતમાં બે સીઝન ઋતુ હોવાથી દવાખાના માં શરદી તાવ અને ખાંસી ના દર્દીઓમાં રોજ વધારો જોવા મળી રહ્યો છે .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે ,સરકારી દવાખાના ના ડોક્ટર સાથે વાત કરતા જણાવેલ કે, લોકો અત્યારે ગરમીના સિઝનમાં ઠંડા પાણી તેમજ ઠંડા પીણાનો વપરાશ કરતા હોવાથી તેમજ ઉનાળા ની શરૂઆત મા બે ઋતુ હોવાથી લોકોને શરદી ખાંસી અને તાવની સમસ્યા રહે છે. શરદી ખાંસી અને તાવની સમસ્યા દરેક નાના થી મોટા વ્યક્તિઓમાં જોવા મળી રહી છે. અને રોજ ૫૦ થી ૭૦ જેટલાં દર્દી મા વધારો જોવા મળી રયો છે.

# હિંમતનગર ખાતે જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામા આવી

પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લા ના હિંમતનગર ખાતે ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચો ગુજરાત પ્રદેશ આયોજિત સાબરકાંઠા જિલ્લા મહિલા મોરચા દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે હિંમતનગર ખાતે મહિલા સંમેલનમાં દશ મહિલાઓને સુષ્મા સ્વરાજ એવોર્ડ ૨૦૨૩ થી સન્માનિત કરવામા આવ્યા.

ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચો ગુજરાત પ્રદેશ આયોજિત આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે આજે હિંમતનગર ખાતે ના જાગા સ્વામી હોલ ખાતે સાબરકાંઠા મહિલા મોરચા દ્વારા મહિલા સંમેલન યોજાયું હતુ.જેમા ઉત્તમ સેવાઓ ઉત્તમ કામગીરી કરનારી દશ જેટલી મહિલાઓને સુષ્મા સ્વરાજ ૨૦૨૩ નો એવોર્ડ મહેમાનોના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા તો આપ્રસંગે પ્રદેશ મહિલા અગ્રણી અને મુખ્ય વક્તા શ્રધ્ધાબેન જહા , ગુજરાતપ્રદેશ ઉપાધ્યક્ષ કુમારી કૌશલ્યા કુંવરબા , સાબરકાંઠા જિલ્લાપ્રભારી રેખાબેન ચૌધરી , સાસંદ રાજ્ય સભાના સભ્ય રમીલાબેન બારા નગરપાલિકાના પ્રમુખ યતિનબેન મોદી , જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલ , જિલ્લા મહામંત્રી વિજયભાઈ પંડ્યા , સાબરકાંઠા જિલ્લા ભાજપ ની મહિલા હોદ્દેદાર બહેનો સહિતની કાર્યકર બહેનો અને જિલ્લા ભરમાંથી મોટી સંખ્યામાં બહેનોએ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ની ઉજવણીમાં ભાગ લીધો હતો આ પ્રસંગે બહેનોને મળતા લાભો કન્યા કેળવણી નિધિ બેટી બચાવો વધાવો કાર્યકમો જનની સૂરક્ષા , મફત બસપાસ , સાઈકલ વિતરણ , કુંવરબાઈ નું મામેરું યોજના સહિત ની યોજનાઓ જાહેર જીવનમાં બહેનોનો હિસ્સો , પંચાયત થી પાર્લામેન્ટ સુધી મહિલાઓને ભાગીદારી બનાવવા નું કામ ભારતીય જનતા પાર્ટી એ કર્યું છે અનેક વિવિધ યોજનાઓની જાહેરાતો મહિલાઓને સ્વાવલંબી સશક્ત બનાવવાનુ કામ ભારતીય જનતા પાર્ટીએ કર્યું છે દેશમા ઉચ્ચ સ્થાને મહિલાઓ વહીવટ કરી રહી છે અને સશક્ત છે એ બધુજ મહિલાઓ માટે આનંદની વાત છે સુનીતા વિલીયમ કલ્પના ચાવલાને યાદ કરી મહિલાઓને સ્વાવલંબી અને સાહસિક હોવાનું પણ મહેમાનો અને મંચસ્થ મહેમાન દ્ગારા જણાવવામાં આવ્યુ હતુ અને આવનાર ૨૦૨૪ મા જ્યારે લોકસભાની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે આદર્શ દેશ નું સંચાલન કરતા નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબૂત કરવા જંગી મતોથી વિજયી બનાવવા માટે તમામ બહેનો જવાબદારી પૂર્વક કામ કરશે એવી આશા વ્યકત કરી હતી તો આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે આમહિલા કાર્યક્રમમાં ઉત્તમ સેવાઓ વિવિધ ક્ષેત્રોમાં ઉત્તમ કામગીરી કરનારી મહિલાઓને ઉપસ્થિત મહેમાનો ના હસ્તે સુષ્મા સ્વરાજ ૨૦૨૩ એવોર્ડ આપી જિલ્લામાંથી દશ મહિલાઓનુ સન્માન કરવામા આવ્યુ હતુ તો આ સમગ્ર કાર્યક્રમનું આયોજન જીલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ નીલાબેન કે.પટેલ , મહામંત્રી તેમજ કાર્યક્રમ ના ઈન્ચાર્જ લીનાબેન વ્યાસના તથા મહામંત્રી કાજલબેન દોશી નેતૃત્વમાં કાર્યક્રમ સફળતાને ચાર ચાર ચાંદ લાગી ગયા હતા.

